dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
November 2009 For private circulation only Vol. 01 - Issue 22

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ।।१।।
अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम्
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं हीरचापलम् ।।२।।
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ।। ३ ।।

अभय, बुद्धि की शुद्धि, ज्ञानयोग में स्थिति, दान, इन्द्रिय संयम, यज्ञ, स्वाध्याय, अहिंसा, सत्य, अक्रोध, त्याग, शान्ति, परनिन्दा का अभाव, प्राणियों के प्रति दया, अलोलुपता, मृदुता, (दुराचार करने में) लज्जा, स्थिरता, तेज, क्षमा, धैर्य, शुद्धि, अद्रोह, विनम्रता– हे अर्जुन ! ये सब दैवीसम्पदायुक्त व्यक्ति में होते हैं ।

श्रीमद भगवद्‌गीता (अध्यक्ष–१६)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

શૈક્ષણિક સંસ્થાઓને સાચી દિશા આપવા માટેનું પ્રથમ પગથિયું સંસ્થાઓનું યોગ્ય Mapping થાય તે છે. પ્રાથમિક શિક્ષણની સંપૂર્ણ જવાબદારી રાજય સરકારની છે. ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ગુણોત્સવ ૨૦૦૯-૧૦નું આયોજન ગોઠવી રાજયની તમામ પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન વૈજ્ઞાનિક ઢબે કરવાની પહેલ એ લાંબા ગાળાનું આયોજન ગોઠવવા માટે ખૂબ જ ઉપયોગી થશે. શાળા મૂલ્યાંકન પુસ્તિકામાં ભરવાની વિગતોનો અભ્યાસ કરતાં જણાય છે કે રાજયની તમામ શાળાઓની લાયબ્રેરી, પાઠયપુસ્તકો, સ્વ-અધ્યયનપોથી, પ્રયોગપોથી, નકશાપોથી, ઉપલબ્ધિ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અને ઈકો કલબની વિગતો, સાંસ્કૃતિક કાર્યક્રમોની ગોઠવણીની સ્થિતિ, શૈક્ષણિક પ્રવાસ, રમતોત્સવ, મધ્યાહ્‌ન ભોજન, વર્ગ અને વિદ્યાર્થીની સ્વસ્છતા, વાલી સંપર્ક, શૈક્ષણિક સમિતિઓ, ભૌતિક સુવિધાઓ - પાણી, શૌચાલય, વીજળીકરણ, શાળા બગીચો, વગેરેનું મેપીન્ગ થશે. સૌથી અગત્યનું પાસું ધોરણ ૩ થી ૭ના વિદ્યાર્થીઓનું વાચન, લેખન અને ગણિતમાં ગુણાંકન કરવાની કામગીરીનું લાગ્યું. નિયત કરેલ પુસ્તિકામાંથી મૂલ્યાંકનકારે દરેક વિદ્યાર્થીને કોઈપણ પ્રશ્ન પૂછી વિદ્યાર્થીને ગુણાંકન આપવાનું છે. જેની સરખામણી શિક્ષક દ્વારા અપાયેલ ગુણાંકન સાથે કરી તટસ્થ મૂલ્યાંકન કરવાનું છે. સૌથી ધ્યાનાકર્ષક બાબત એ છે કે આ તમામ બાબતોને મૂલ્યાંકનકાર દ્વારા રોજે રોજ કમ્પ્યૂટરમાં નોંધી ઓન લાઈન ભરવાની છે. ગુણોત્સવ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતની તમામ શાળાઓની પરિસ્થિતિનો અહેવાલ માટેનો ડેટા-બેઝ ત્રણ દિવસના આ કાર્યક્રમ દ્વારા સંપન્ન થયો છે. યુનિવર્સિટીની ટીમને ફાળવાયેલ શાળાઓમાંથી જાણવા મળ્યું કે જે શાળામાં યુનિફોર્મ માટેની રકમ રોકડમાં અપાય છે ત્યાંના બધા જ વિદ્યાર્થીઓ ગણવેશમાં આવતા નથી. જે વિદ્યાર્થીઓ વાચન, લેખન તથા ગણિતમાં નબળા છે તેઓ નિયમિત શાળામાં આવતા નથી. કમ્પ્યૂટરની સવલતો અપૂરતી છે. સંગીતના સાધનો અપર્યાપ્ત છે. ભૌતિક સુવિધાઓથી શાળાઓને સજ્જ કરવાની જરૂરિયાત છે. ગુણોત્સવનો આ વિશિષ્ટ કાર્યક્રમ માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સુધી વિસ્તારવાની જરૂર છે, જેથી સંસ્થાઓનું તટસ્થ, સાચું મૂલ્યાંકન થઈ શકે. સંસ્થાઓના સાચા મેપીન્ગ થકી, સાચી નીતિઓ ઘડવાનું કામ સરળ થઈ જશે તેવી સહજ સમજણ ઊભી થાય છે.

યુનાઈટેડ નેશન્સના ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા માનવ વિકાસ સૂચક આંક (હયુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ) તૈયાર કરવામાં આવે છે. ભારતનો સૂચક આંક ૦.૬૧૯ છે. ૧૭૭ દેશોના સૂચક આંકમાં ભારતનો ક્રમ ૧૨૮મો છે. માનવ વિકાસ સૂચક આંકનું અગત્યનું એક પરિબળ શિક્ષણ સૂચક આંક છે. ભારતનો શિક્ષણ અંગેનો સૂચક આંક ૦.૬૨૦ છે. ગુણોત્સવના આ કાર્યક્રમ થકી ગુજરાતના પ્રાથમિક શાળા સ્તરની ગુણવત્તાની સુધારણા દેશના સૂચક આંકમાં ચોક્કસ ફાળો આપશે.

ગુજરાત રાજયનો માનવ વિકાસનો અહેવાલ મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટયૂટ દ્વારા તૈયાર કરાયેલ છે. રાજય સરકારની પહેલને લીધે સૌપ્રથમ વાર ગુજરાતના ચાર જિલ્લાઓ માટેનો માનવ વિકાસ અહેવાલ તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના આયોજન વિભાગ દ્વારા સુરત જિલ્લાનો ડિસ્ટ્રિકટ હયુમન ડેવલપમેન્ટ રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સોંપવામાં આવી હતી. ડિપાર્ટમેન્ટ ઓફ રિસર્ચ મેથોડોલોજી એન્ડ ઈન્ટરડિસિપ્લિનરિ સ્ટડિઝ ઈન સોશ્યલ સાયન્સના અધ્યક્ષ ડૉ. કિરણ પંડયા અને તેમની ટીમ દ્વારા આ અહેવાલ તૈયાર કરી આપવામાં આવ્યો છે. ટીમની ઉત્તમ કામગીરીને ધ્યાને લઈ સરકાર દ્વારા સમગ્ર ગુજરાત માટે બેઝ લાઈન સર્વે માટેની પ્રશ્નાવલી તૈયાર કરવાની કામગીરી સોંપાઈ

હતી. આ ટીમ દ્વારા વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ તૈયાર કરી આપવામાં આવેલ પ્રશ્નાવલીનો ઉપયોગ સમગ્ર રાજયમાં ગામડાઓના સર્વે માટે ઉપયોગમાં લેવાઈ રહયો છે. જે માટે સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે.

સુરત જિલ્લાનો હયુમન ડેવલપમેન્ટ રિપોર્ટ કુલ છ પ્રકરણમાં તૈયાર કરવામાં આવ્યો છે. પ્રથમ પ્રકરણમાં સુરત જિલ્લાની પરિસ્થિતિનું વર્ણન છે. જેમાં કુદરતી સંપત્તિ, માળખાકીય સવલતો, ખેતીવાડી, પશુપાલન, ઉદ્યોગો, વ્યાપાર, બેન્કિંગ સેવાઓની પરિસ્થિતિને અહેવાલમાં આવરી લેવામાં આવી છે. પ્રથમ પ્રકરણના અંતે સમગ્ર અહેવાલની રૂપરેખા આપવામાં આવી છે. બીજા પ્રકરણમાં સુરત જિલ્લાના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવનાર માળખાકીય સવલતો તથા ઉદ્યોગોની પરિસ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. હજીરા વિસ્તારના ઉદ્યોગોનો વિકાસ, કાપડ ઉદ્યોગ, જરી ઉદ્યોગ, ડાયમંડ ઉદ્યોગ, સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન તથા લઘુ ઉદ્યોગો વિષે પ્રવર્તમાન પરિસ્થિતિનું આલેખન આધારભૂત આંકડાઓ સાથે રજૂ કરાયું છે. ભૌતિક સવલતોમાં વીજળીની પરિસ્થિતિ, રેલ્વે-રોડ, બંદરો તથા હવાઈ વાહન વ્યવહારની સવલતો, માહિતી સંચાર તથા સામાજિક માળખાકીય સવલતોની વિગતો વણી લેવામાં આવી છે. આ પ્રકરણમાં સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાતો લઈ અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

માનવ વિકાસના અભ્યાસમાં ગરીબી અને જીવનધોરણોના અભ્યાસને એક અભિન્ન અંગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. ત્રીજા પ્રકરણમાં જુદા જુદા સંદર્ભે ગરીબાઈની પરિસ્થિતિનું અધ્યયન પ્રસ્તુત કરવામાં આવેલ છે. જેમ કે ગરીબાઈ અને શિક્ષણના સંબંધો, જ્ઞાતિઓ અને ગરીબાઈના સંબંધો, ગરીબાઈ અને જમીન માલિકીના સંબંધો, APL અને BPL ઘરોની તુલના, શહેરી વિકાસ અને ઝૂંપડપટ્ટીની સમસ્યા, ઋતુવાર સુરતમાં ઊભી થતી ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોના કાયમી વસવાટની સમસ્યા તથા સુરત જિલ્લામાં વેતન-રોજગારીના વલણોનો અભ્યાસ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

શિક્ષણના સંદર્ભે સુરત જિલ્લાની પરિસ્થિતિ ચોથા પ્રકરણમાં આવરી લેવામાં આવી છે. જેમાં પ્રાથમિક શાળાઓની પરિસ્થિતિ, સાક્ષરતાની સ્થિતિ, જુદી જુદી જ્ઞાતિઓમાં શિક્ષણનું સ્તર, પુરુષો તથા સ્ત્રીઓમાં સાક્ષરતાની પરિસ્થિતિ, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિમાં શિક્ષણની સ્થિતિ, શાળાઓના પ્રવેશ તથા શાળા છોડી જવાનો દર, જેવી બાબતોની સમીક્ષા કરવામાં આવી છે.

પાંચમા પ્રકરણમાં સુરત જિલ્લાના આરોગ્ય સંબંધિત વિષયોને આવરી લઈ અભ્યાસ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. જેમાં તાલુકા પ્રમાણે આરોગ્યની હોસ્પિટલો, ડોકટરો, નર્સો તથા પથારીઓની સવલતો, ગ્રામ્ય તથા શહેરી હેલ્થ કેરની સવલતો, જિલ્લાનું આરોગ્યતંત્રનું વહીવટી માળખું તથા હેલ્થ અંગેના અગત્યના આંકડા પ્રસ્તુત કરવામાં આવ્યા છે. સુરત જિલ્લામાં ખાસ લાગુ પડતો સીકલ સેલ એનીમિયા તથા લેપ્ટો સ્પાયરોસીસ અંગેની વિગતો પણ અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવેલી છે. સરકાર દ્વારા સુરત જિલ્લા માટે લીધેલા પગલાં જેમાં મેટરનલ હેલ્થ સર્વિસ, દવાખાનાઓમાં થતી પ્રસુતિઓનું પ્રમાણ, ઈન્ટેન્સીવ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ, અંધાપા નિવારણ યોજના, ટીબી નાબુદી યોજનાની કામગીરીનું મૂલ્યાંકન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સુરત મહાનગર પાલિકા દ્વારા આરોગ્યલક્ષી કામગીરીનો અહેવાલ એક સ્વતંત્ર વિભાગમાં આ પ્રકરણમાં સમાવેશ પામ્યો છે. જેમાં ૧૦૮ની ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા તથા EMRI-108 સેવાની આંકડાકીય વિગતો તથા અન્ય કામગીરીના આંકડા પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

છેલ્લા પ્રકરણમાં પર્યાવરણ, જાતિભેદ તથા જિલ્લાના વિકાસમાં બાધક થઈ શકે તેવી બાબતોની સુંદર ચર્ચા કરવામાં આવી છે. અહેવાલની ડ્રાફ્ટ નકલ રાજયના આયોજન વિભાગને સુપરત કરવામાં આવી છે. સૂચનો મુજબના ફેરફારો આમેજ કરી અંતિમ નકલ સરકારને સુપરત કરવામાં આવશે.

સૌથી મહત્વની બાબત એ છે કે સમગ્ર પ્રોજેકટની કામગીરીમાં જિલ્લા કલેકટર, વિકાસ અધિકારી, આરોગ્ય અધિકારી, આંકડાકીય વિભાગના અધિકારીઓ, મામલતદાર તથા તલાટી કક્ષાના કર્મચારીઓ, આયોજન વિભાગના ચીફ સેક્રેટરી સુધીના તમામ અધિકારીઓ તથા યુનિવર્સિટી ટીમે સાથે બેસી માહિતીની આપ-લે તથા ચિંતન કર્યું છે. યુનિવર્સિટીઓએ માત્ર વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવા સિવાય સરકારની નીતિ વિષયક બાબતોમાં સહાયરૂપ થાય તેવા અભ્યાસોમાં ફાળો આપતી નથી તેવી માન્યતા સુરત જિલ્લાના માનવ વિકાસ અહેવાલ દ્વારા થયેલ પ્રશંસનીય કામગીરી થકી ચોક્કસ બદલાશે.

છેલ્લે, સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા યુવા શિબિર અંગે સાંપડેલ પ્રતિભાવ નોંધવાનો લોભ જતો કરી શકતો નથી. "શિક્ષણની અનેક યશસ્વી ઉપાધિઓ પ્રાપ્ત કરતો યુવાન જીવનની ઉપાધિઓ પાર કરી શકે, સંઘર્ષ સામે ઝઝૂમી શકે, ચારિત્ર્ય બળ ખીલવી શકે તથા પરોપકાર અને પરસેવાની ભાવના શીખી શકે તે પ્રકારના શિક્ષણનો અભાવ વર્તાય છે." લેખક વરિષ્ઠ પત્રકાર શ્રી મણિલાલ એમ. પટેલ દ્વારા તા. ૨૦ નવેમ્બરના 'દિવ્ય ભાસ્કર'ની 'અભિવ્યકિત' કોલમમાં યુવાવસ્થાને ઘડનારાં મુખ્ય ચાર પરિબળોની ચર્ચા સુપેરે કરી મા-બાપ, ધર્મ, રાજનીતિ અને શિક્ષણ સંસ્થાઓની દશા-દિશા અંગે ગંભીર ચિંતન કરવાની તાતી જરૂરિયાત પર ભાર મૂકાયો છે. "નૈતિક મૂલ્યો અને ચારિત્ર્યના પાઠ વિના શિક્ષિત થયેલો યુવાન દીક્ષિત થવાને બદલે પૈસા પાછળની દોટને કારણે જે વ્યવસાયમાં જાય ત્યાં વ્યભિચાર, અનાચાર, ભ્રષ્ટાચાર અને આતંકનો શિકાર બને છે... યુવાનોને યોગ્ય દિશામાં વાળવા માટે શિબિરોનું આયોજન થવું જોઈએ...આવી શિબિર નિત્ય પરિવર્તન અને નિત્ય સ્વતંત્રતાની ઝંખના જેમને કોરી ખાય છે તેવા યુવાવર્ગને આત્મસન્માન, આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા, આત્મશ્રધ્ધા, આત્મસંતોષ અને આત્મસંયમનું જીવનભાથું પૂરું પાડશે. માહિતીના ઢગમાંથી સાચું જ્ઞાન આપશે જે યુવાનને નિરાશાના અંધકારમાંથી આશાના ઉજાસ તરફ દોરી જશે."

૨૦ નવેમ્બર, ૨૦૦૯ — બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Achievements



It was a rocking evening of 22nd November, 2009 for M.Sc. (Biotech) Program when its students were announced as winners for 21st State Level Inter-Collegiate competitions jointly organized by G.S.B.T.M., Government of Gujarat, Gandhinagar and Microbiology Study Circle, J & J, Nadiad at C.G. Bhakta Institute of Biotechnology, Bardoli. There were 75 participants in all from 15 different colleges of Gujarat which run Microbiology and Biotechnology Program. They participated in different competitions like seminar for S.Y. and T.Y. Students, Article writing, Scientoon (Scientific Cartoon) drawing and extempore speech. The Students of M.Sc. (Biotechnology), Department of Bioscience, took part in all the five competition with a great zeal. There has been an untiring flow support to the students by the faculty members of the institute led by Dr. Gaurav Shah.

Seema Sharma, a student of 5th Semester, was awarded the First Prize in extempore speech competition. Lavanya Pamu, a student of 3rd Semester, got the third prize in the seminar for Second Year students. Both the students were awarded with a trophy, a medal, a certificate and cash.

Prof. (Dr.) B.A. Prajapati, Vice-Chancellor and Dr. M.H. Parabia, Head & Professor and the course Co-ordinator, Dept. of Biosciences congratulated the winners participants and the faculty members for their brilliant success at these state level competitions.

## સિધ્ધિ



નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ મુકામે યોજાયેલ વેસ્ટઝોન ઈન્ટર યુનિવર્સિટી ફૂટબોલ ટુર્નામેન્ટમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરી યુનિવર્સિટીના ઈતિહાસમાં બીજીવાર કવાર્ટર્ર ફાઈનલમાં પ્રવેશ કરેલ છે. ટુર્નામેન્ટમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ ગોવા જેવા રાજયોની કુલ ૪૮ ટીમોએ ભાગ લીધો હતો. સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન ટીમ અનુક્રમે એમ.પી.કે.વી. યુનિવર્સિટી, રાહુરી સામે ૯-૦, નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવ સામે ૫-૦, વિક્રમ યુનિવર્સિટી, ઉજૈન સામે ૨-૦ ગોલથી એક તરફી જીત હાંસલ કરી હતી. સમગ્ર ગુજરાત રાજયમાંથી ફકત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જ એવી યુનિવર્સિટી છે કે જે આ સિધ્ધિ બીજી વખત હાંસલ કરે છે. ટીમ સાથે કોચશ્રી મયુર પટેલે ખૂબ જ ઉમદા કામગીરી બજાવી હતી. તેમજ સાથે યુનિવર્સિટીના સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી ડેવિડ પોલે મેનેજર તરીકેની પ્રશંસનીય ફરજ બજાવી ખેલાડીઓને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા.

## Young Scientist Award



The 28th Annual Conference of "INDIAN COUNCIL OF CHEMISTS (ICC) held at Hemchandracharya North Gujarat University, Patan on 07th-10th November 2009. A team of nine research student guided by Prof. N.B. Patel participated in this national conference. The conference was divided in to five sections - Inorganic chemistry, Organic chemistry, Physical Chemistry, Analytical and Environmental Chemistry Section and Pharmaceutical chemistry. Out of all about 300 presentation, 37 oral and 41 poster presentations were held in organic section. The research students from our university (VNSGU) presented 6 oral and 3 poster presentations in organic and pharmaceutical chemistry sections.

Out of two awards in organic section, one for and other for poster presentation, best poster presentation award was announced to Mr. Reksh D. Sharma, VNSG University, Surat. Mr. Rakesh Sharma, achieved the "Young Scientist Award" under the guidance of Prof. N.B. Patel. This award was the only award for any university of Gujarat. The award winner "Mr. Rakesh D. Sharma" and his guide Prof. N.B. Patel were congratulated by H'ble Vice Chancellor, Dr. B. A. Prajapati, Registrar, Shri J. R. Mehta and Head of Chemistry Dept. Dr. P. Bahadur.

## Journal




તા. ૧૦-૧૧-૨૦૦૯ના રોજ મળેલ સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા યુવા શિબિરના વ્યવસ્થાતંત્રની સમીક્ષાની બેઠકમાં કુલપતિશ્રી પ્રોફે. બી. એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે. આર. મહેતા, ડૉ. અપૂર્વ દેસાઈ અને અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં VNSGU Journal of Science & Technology (A Biannual Publication)નું વિમોચન કરવામાં આવ્યું. આ જર્નલને ISSN 0975-5446 મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા એક વર્ષમાં યુનિવર્સિટીનું આ ત્રીજું જર્નલ પ્રસિધ્ધ થયેલ છે.

## ગાંધી સપ્તાહ



શિક્ષણ વિભાગના ઈન્ચાર્જ અધ્યક્ષ ડૉ. ગણેશ એસ. પરમારના માર્ગદર્શન હેઠળ તા. ૩-૧૦-૦૯ થી તા. ૧૦-૧૦-૨૦૦૯ દરમ્યાન 'ગાંધી સપ્તાહ'ની ઊજવણી કરવામાં આવી હતી જેમાં વિભાગના સાંસ્કૃતિક પ્રવૃત્તિના અધ્યક્ષ અને અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો. જે અંતર્ગત 'ગાંધી વિચાર'ને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે (તા. ૩-૧૦-૦૯) 'સફાઈ દિન' તરીકે ઉજવ્યો હતો. આ પ્રવૃત્તિ નિમિત્તે બધા તાલીમાર્થીઓ દ્વારા શિક્ષણ ભવનની સફાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ તા. ૫-૧૦-૦૯ના રોજ મહાત્મા ગાંધી સંબંધિત ક્વિઝ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ચાર ટીમનાં સોળ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. 'ગાંધી સપ્તાહ ઉજવણી'ના ત્રીજા દિવસે (તા. ૬-૧૦-૯) મહાત્મા ગાંધીજીના વિચારો પર વકતવ્યનું આયોજન કરેલ હતું. જે અંતર્ગત 'ગાંધી વિચારો પર આઠ તાલીમાર્થીઓ અને બે પ્રાધ્યાપકો દ્વારા વકતવ્ય રજૂ કરાયાં હતાં. ત્યારબાદ તા. ૭-૧૦-૦૯ના રોજ ગાંધી ગીતો અને દેશભકિત ગીત નિમિત્તે બાર તાલીમાર્થીઓ અને બે પ્રાધ્યાપકો દ્વારા પોતાના મધુર સ્વરોથી ગીતો ગાઈને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. તા. ૮-૧૦-૦૯ના રોજ પુસ્તક પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો શુભારંભ કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ તથા રજીસ્ટ્રારશ્રી જે.આર. મહેતાના હસ્તે થયો હતો. આ પુસ્તક પ્રદર્શનમાં તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા અપાયેલ પુસ્તકો તથા સમાજ શિક્ષણ ભવન ચોક, સુરત દ્વારા અપાયેલ પુસ્તકો અને મહાત્મા ગાંધીજીના બાળપણથી મૃત્યુ સુધીની તસ્વીરોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૯-૧૦-૦૯ના રોજ ગાંધીજીના વિચારો રજૂ કરતું નાટક તાલીમાર્થીઓ દ્વારા ભજવાયું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડૉ. શશીકાન્ત શાહ તથા પ્રાધ્યાપકગણે હાજર રહીને તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉજવણી કાર્યક્રમના અંતિમ દિવસે (તા. ૧૦-૧૦-૦૯) પ્રાધ્યાપકગણ અને તાલીમાર્થીઓએ શિક્ષણ ભવનના મુખ્યખંડમાં 'ગાંધી ફિલ્મ' નિહાળી હતી. અંતમાં તા. ૧૦-૧૦-૦૯ના રોજ ગાંધી સપ્તાહ ઉજવણી કાર્યક્રમની પૂર્ણાહુતિ ૨.૩૦ થી ૩.૩૦ કલાકે કરવામાં આવી હતી. જેમાં પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા કાર્યક્રમ વિશે અભિપ્રાયો અપાયા હતા. તથા શિક્ષણ વિભાગના સામાન્યમંત્રી ડાભેલીયા આશિષ પી. દ્વારા કાર્યક્રમનો ચિતાર રજૂ કરાયો હતો અને કાર્યક્રમના અંતભાગમાં શિક્ષણ વિભાગના સાંસ્કૃતિક મંત્રી પટેલ ધર્મિષ્ઠાએ આભાર વિધિ કરીને મહાત્મા ગાંધીજીનું માનીતું ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ..." ગાઈને કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ શિક્ષક પ્રશિક્ષણના ભાગરૂપે સફળ નવવિચારપ્રેરક અને પ્રેરણાદાયી રહયો.

## રમત-ગમત



જી.એન.ડી. યુનિવર્સિટી, અમૃતસર મુકામે આંતર યુનિવર્સિટી તરણ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાઈ ગયો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે ઉજ્જવળ કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી પરીક્ષીત ઈચ્છાપોરીયાએ કોચીંગ આપ્યું હતું. ટીમ : ૧. વાઘેલા જીગર એ., ૨. પટેલ જય ડી., ૩. રેતીવાલા ભાવેશ જે., ૪. કંથારીયા કેયૂર કે., ૫. ખલાસી જતીન ડી., ૬. માખનીયા આકાશ કે., ૭. કંથારીયા જૈમીન કે., ૮. મોદી આકાશ આર., ૯. ચૌઋષી પૂજા એન., ૧૦. સારંગ ઉર્વશી આર.



સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર મુકામે આંતર યુનિવર્સિટી વોલીબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે ઉજ્જવળ કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતા. યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. ટીમ : ૧. બુનકી રોમીત એસ., ૨. ડાકોરીયા નિરવ ડી., ૩. સુકાની નિકુંજ સી., ૪. ગજેરા હિરેન આર. ૫. સુથાર વિશાલ જે., ૬. પટેલ બિપિનચંદ્ર એસ., ૭. ટંડેલ કિશોર ડી., ૮. રાવલ સતીષ સી., ૯. પટેલ અમીત સી., ૧૦. સવાસવિયા નિતીન એચ., ૧૧. દરજી વર્મન પી., ૧૨. તિવારી નિસર્ગ એ.



૨ કાકાટિયા યુનિવર્સિટી, વારંગલ મુકામે આંતર યુનિવર્સિટી ખો-ખો(ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે ઉજ્જવળ કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી. યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી મદનસિંહ ઠાકોરએ કોચીંગ આપ્યું હતું. ટીમ : ૧. શાહ મૃગ્રેશ આર., ૨. ગામીત સંજય કે., ૩. મંગેલા કૃનાલ આર. ૪. વસાવા મહેન્દ્ર એસ. ૫. પટેલ જીમીત બી., ૬. ગામીત સંજય સી., ૭. ચૌધરી ધર્મેશ આર., ૮. મિસ્ત્રી સુનીલ બી., ૯. કોકાની વિપુલ આર. ૧૦. પટેલ સ્નેહલ એસ., ૧૧. ગામીત આશિષ આર., ૧૨. ગામીત યુસુફ એસ.

## સ્વર્ણિમ ગુજરાતની યુવા શિબિર



ઝેડ.એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોડા કોલેજ ઓફ કોમર્સ, સુરતની કુલ ૭૩ વિદ્યાર્થિનીઓએ શિબિર દરમ્યાન મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્વચ્છતાનું ઉત્તમ કાર્ય કર્યું. શિબિર દરમ્યાન પ્રો.ઓ.શ્રી બી.બી. ભંડારી, આસિસ્ટન્ટ લાયબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયા, ટેક.આસિ. શ્રી એચ.વી. પટેલ અને આપ-લે વિભાગનો સ્ટાફ સહયોગમાં રહયો હતો.

## દાતાશ્રીઓ

૪૩. શ્રી સ્વામિનારાયણ પરમસુખ ગુરૂકુલ, સુરત, સર્વોદય બી.એડ. કોલેજ.

૪૪. શ્રી સ્વામિનારાયણ સ્વરૂપ બી.એડ. કોલેજ, અંકલેશ્વર.

## મુલાકાત



તા. ૩૧-૧૦-૨૦૦૯ના રોજ રાજસ્થાનની જૈન વિશ્વભારતી યુનિવર્સિટી, લાડનુના વાઈસ ચાન્સેલર આદરણીયા ડૉ. મંગલ પ્રજ્ઞાજીએ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. મુલાકાત સમયે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા અને જૈન શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહયા હતા.

## Training



Dr. Darshan R. Bhanderi and Shri Dipak G. Bhoye, faculty member of Department of Rural Studies, Veer Narmad South Gujarat University has successfully completed the National Level Training Course on "Database Application for Planning and Management of Rural Development Programmes", held at NIRD, NERC, Guwahati during 5-10 October, 2009.

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

વ્યા દક્ષિણ ગુજરાત ગુજરાતીનો અધ્યાપક સંઘ અને આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વ્યારાના સંયુકત ઉપક્રમે ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૯ના રોજ વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળા-૫નું આયોજન કરવામાં આવ્યું. આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ટાગોરની કાવ્યસાધનાનો ઉલ્લેખ કરી માનવજીવનમાં સાહિત્યના મૂલ્યને બિરદાવ્યું.

મુખ્ય મહેમાન ડૉ. ભગીરથ બ્રહમભટ્ટના હસ્તે દીપ પ્રાગટય કરી વ્યાખ્યાનમાળા-૫ને ખુલ્લી મૂકવામાં આવી. પ્રા. મેરુભાઈ વાઢેળના ત્રીજા વિવેચનસંગ્રહ 'શબ્દાનુષંગે'નું મુખ્ય મહેમાનના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. આર્થિક રીતે પછાત અને તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી. સંઘના પ્રમુખ ડૉ. જગદીશ ગૂર્જરે પ્રાસંગિક પ્રવચનમાં અધ્યાપકોને સાહિત્યમાં મનન-ચિંતન કરવા રજૂઆત કરી. પ્રા. મેરુ વાઢેળે 'મીંઢોળ હું આ બાંધું' ગીતરચનાનું ગાન કર્યું. પ્રા. કનકલતા મહેતાએ આમંત્રિત મહેમાનો અને સૌ શ્રોતાઓનો આભાર માન્યો.

પ્રથમ બેઠકમાં ડૉ. બ્રહમભટ્ટે ડૉ પ્રવીણ દરજી કૃત 'નિરાવૃત' નિબંધો અંગે વ્યાખ્યાન આપ્યું. નિબંધનો ઉદ્‌ભવ અને પ્રદાનનો ઉલ્લેખ કરી કહયું કે, સાહિત્ય માનવમનની વેદનાને ઠારવાનું કામ કરે છે. બીજી બેઠકમાં કોલેજના નિવૃત્ત અધ્યાપિકા ડૉ. દક્ષાબેન વ્યાસ અધ્યક્ષપદે ઉપસ્થિત રહયાં. પ્રા. મુદિતા મહેતાએ પ્રહલાદ પારેખના 'આજ અંધાર ખુશબોભર્યો લાગતો' પર કવિ ટાગોરની સૌંદર્યલક્ષિતાની અસર અંગે રજૂઆત કરી.

બીજી બેઠકના બીજા વકતા ડૉ. જશુભાઈ પટેલે પાવરપોઈંટ દ્વારા કાન્ત કૃત 'ચક્રવાકમિથુન'નો રસાસ્વાદ કરાવ્યો. ડૉ. દક્ષાબેન વ્યાસે ઉપર્યુકત બંને વકતાઓના વ્યાખ્યાન સંદર્ભમાં પૂરક માહિતી રજૂ કરી. અંતે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો વકતાઓએ જવાબો આપ્યા.

પ્રા. વસંતભાઈ ગામીતે આભાર માન્યો જયારે પ્રા. બકુલાબેન ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યું.

વ્યા વીર નર્મદ દક્ષિણ ગુજરાત પુરસ્કૃત અને વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજયુકેશન, ઉમરાખ આયોજિત આંતર કાલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના રીડર ડૉ. ઉમ્મેદસિંહનું 'બ્રેઈન સ્ટોર્મિંગ' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. ડૉ. ઉમ્મેદસિંગે અસરકારક શિક્ષક બનવા માટેના જરૂરી ચાર સિધ્ધાંતો

વિષયને ઓળખો, વિદ્યાર્થીને ઓળખો, શિક્ષણ પધ્ધતિ વિકસાવવી તથા વ્યકિતત્વ વિકસાવવા પર ભાર મુકયો હતો. બ્રેઈન સ્ટોર્મિંગ પધ્ધતિનાં તત્વજ્ઞાનીય આધારો જણાવી આ પધ્ધતિના ત્રણ આયામોની વિગતે ચર્ચા પ્રોજેકટર-સ્લાઈડ દ્વારા બતાવી હતી. વધુમાં તેમણે 'અસરકારક વર્ગખંડ શિક્ષણ માટે શિક્ષકની લાક્ષણિકતાઓ' મુદ્દા પરત્વે બ્રેઈન સ્ટોર્મિંગ પધ્ધતિનું નિદર્શન આપ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધન તથા આવકાર આચાર્યશ્રી આનંદભાઈ ભટ્ટે કર્યું. પરિચયવિધિ પ્રા. અરૂણભાઈ ટંડેલ તેમજ આભારવિધિ પ્રા. સંગીતા મિસ્ત્રીએ તથા કાર્યક્રમનું સંચાલન પ્રા. પ્રમોદભાઈ પટેલે કર્યું.

વ્યા એમિટિ બી.એડ. કોલેજ, ભરૂચમાં તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ લેખક શ્રી હરેશભાઈ ધોળકિયાનું 'શિક્ષકની આવતીકાલની સજ્જતા' પર વ્યાખ્યાન આપ્યું. તે અંતર્ગત તેમણે કહયું કે શિક્ષકે પ્રેમ, વાંચન, જ્ઞાન અને બાળકને ઉજ્જવળ ભવિષ્યનું દર્શન કરાવવાનું છે.

## સેમિનાર



બી.પી. બારિયા સાયન્સ કોલેજ, નવસારીના ભૌતિકશાસ્ત્ર વિભાગ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૮-૮-૨૦૦૯ના રોજ 'એડવાન્સીસ ઈન પાર્ટિકલ ફિઝિક્સ' વિષય પર યોજાયેલ સેમિનારમાં ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ, મુંબઈના ડૉ. ગોવિંદા મજૂમદાર અને ફિઝિકસ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના ડૉ. રાઘવન રંગરાજને વકતવ્યો આપ્યાં હતાં. તદ્પરાંત વિષયને અનુરૂપ પોસ્ટર સ્પર્ધાનું આયોજન થયું હતું. વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેમિનારના મુખ્ય મહેમાન તરીકે પ્રા. બી.આઈ. શેઠ ઉપસ્થિત રહયા હતા.

## તાલીમ




સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરતમા ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હયુમન અફેર તથા ગુજરાત રાજય ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટિ દ્વારા પ્રેકટીસીંગ ઓર્કિટેકટો, તેમજ એન્જીનીયરોને ધરતીકંપનો સામનો કરી શકે તેવા મકાનોની ડિઝાઈન અને બાંધણી અંગે તાલીમ આપવા માટેની શિબિરનું ઉદ્ઘાટન તા. ૨૧-૯-૨૦૦૯ના રોજ સુરતના કમિશ્નર કુ. અપર્ણાના હસ્તે કરવામાં આવ્યું હતું. રિસોર્સ પર્સન તરીકે પ્રિ. પર્સી એન્જીનીયરે સેવાઓ આપી હતી. તાલીમ શિબિરમાં ૮૪ પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ તાલીમ શિબિરનું સમાપન ૨૩-૯-૨૦૦૯ના રોજ ડી.સી.પી. ક્રાઈમ બ્રાન્ચ શ્રી સુભાષ ત્રિવેદીએ કર્યું હતું.

## આરોગ્ય

સી.ડી. પચ્ચીગર કોલજ ઓફ હોમીયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરત તથા સુરત રાઉન્ડ ટેબલ ૧૩૫ના સહયોગથી તા. ૧૦-૧૧-૨૦૦૯ના રોજ યોજાયેલ રકતદાન શિબિરમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ વિગેરેએ ભાગ લઈ ૫૧ યુનિટ રકત એકત્રિત કર્યું.

## અભ્યાસક્રમ




સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિઅરિંગ એન્ડ ટેકનોલોજી, સુરતમાં તા. ૪-૧૦-૨૦૦૯ના રોજ ફેકલ્ટી ઓફ આર્કિટેકચર (સ્કેટ)-એનિમેશનના પી.જી. સર્ટિફિકેટ કોર્સનું ઉદ્દ્ઘાટન ફિલ્મ નિર્દેશક શ્રી કેતન મહેતાના હસ્તે કરવામાં આવ્યું. પ્રિ. પર્સી એન્જીનીયરના જણાવ્યા પ્રમાણે '૩-ડી એનીમેશન-પોસ્ટ પ્રોડકશન અને સ્પેશયલ ઈફેકટસ'નો આ કોર્ષના દરેક મોડયુલનો સમય છ મહિનાનો રહેશે.

## ભૂમિપૂજન




જય ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન.પંડયા કોલેજ, સુરતના નવા સંકુલના નવનિર્માણ અંતર્ગત તા. ૨૩-૧૦-૨૦૦૯ના રોજ "ભૂમિ પૂજન"નો કાર્યક્રમ અધ્યક્ષ-સાંસદશ્રી સી.આર.પાટીલ, મુખ્ય મહેમાન કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. ઉપસ્થિત મહેમાનશ્રીઓ તથા સંસ્થાના પ્રમુખશ્રી હેમંતકુમાર પંડયાના વરદ્ હસ્તે "ભૂમિપૂજન" કરવામાં આવ્યું.

## રમત-જગત



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ બોક્ષિંગ(ભાઈઓ)ની ટુર્નામેન્ટમાં ઈવનિંગ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રથમવાર ભાગ લઈ પ્રશંસનીય દેખાવ કર્યો. જેમાં ગ્યાનવાલી દિલબહાદુરે ૫૭ થી ૬૦ વેઈટ કિલોગ્રામ ગ્રુપમાં ફાઈનલમાં વિજેતા થઈ સુવર્ણ પદક પ્રાપ્ત કર્યું હતું. તેમજ સેમી ફાઈનાલીસ્ટ ભાટીયા ધવલે ૫૧ થી ૫૪માં તેમજ ટેકચંદાની જગદીશે ૭૫ થી ૮૧

વેઈટ કિલોગ્રામ ગ્રુપમાં કાંસ્ય પદક પ્રાપ્ત કર્યું હતું. ખેલાડીઓને આ સિધ્ધિ બદલ પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈ તેમજ ઈવનિંગ કોમર્સ કોલેજના ઈ.ચા. પ્રિ. શ્રી બંટી કે. શાહ તથા શારીરીક શિક્ષણના અધ્યાપક શ્રી અમિત ડી. પટેલ અને સમગ્ર કોલેજ સ્ટાફ પરીવાર ગૌરવની લાગણી અનુભવે છે.

## વાર્ષિકોત્સવ




સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમીયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરત દ્વારા ૨૭મા વાર્ષિકોત્સવની ઉજવણી જીવનભારતી રંગભવનમાં તા. ૧૧-૧૦-૨૦૦૯ના રોજ કરવામાં આવેલ હતી. જેમાં ઉદ્‌ઘાટક તરીકે સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન શ્રી મુકેશભાઈ દલાલ, મુખ્ય મહેમાન તરીકે બાંધકામ સમિતિના ચેરમેન અને સિન્ડિકેટના મેમ્બર શ્રી દીપકભાઈ આફ્રીકાવાલા ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે તથા ચેરમેન શ્રી ડૉ. દશરથભાઈ પચ્ચીગર, પ્રિન્સિપાલ ડૉ. નીનાબેન બેંકર, ડૉ. અક્ષયભાઈ બેંકર, સેક્રેટરી શ્રી સમીરભાઈ પચ્ચીગરે દીપ પ્રાગટ્ય કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. જાગૃતિ વૈદ્ય અને ડૉ. કોમલ મૈસુરીયાએ કર્યું હતું. સમારંભમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટસ સમિતિના મેમ્બર ડૉ. કિરીટભાઈ વાંસીયા, હોમિયોપેથીક મેડીકલ કાઉન્સિલના સભ્ય ડૉ. રાજનભાઈ પટેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્ટડીના સભ્ય ડૉ. ચેતનભાઈ વગેરે ઉપસ્થિત રહયાં હતાં. તેમજ વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન કરેલ વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ રમતગમતને લગતી પ્રવૃતિઓ વિષે ડૉ. અક્ષય બેંકરે માહિતી આપી હતી અને વિવિધ ક્ષેત્રે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. ડૉ. સંત સીંગે આભારવિધિ કરી.

## સ્પર્ધા

સહજ માર્ગ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટીટયૂટ, ચેન્નાઈ તથા રામચંદ્ર મિશનનાં સંયુકત ઉપક્રમે યોજાયેલ ઓલ ઈન્ડિયા નિબંધ સ્પર્ધા-એન્યુઅલમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ - ચોવીસીના વિદ્યાર્થી મિસ્ત્રી પૂનમ એસ. (એફ.વાય.બી.એ) તથા ઠકકર કમલેશ સી. (ટી.વાય.બી.એ.) રાષ્ટ્રીય સ્તરે અંડર ગ્રેજયુએટ કક્ષામાં વિજેતા બન્યા છે. આ સ્પર્ધામાં ૧૦,૫૦૦ શાળાઓ, તથા કોલેજોનાં ૪,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## રમત-ગમત



S.S. Agrawal College of Com. & Mgt. Navsari has achieved remarkable achievements in the recent semester too. In the State level Weight Lifting Competition for Boys and Girls(September 09), in the Sub Junior category, Juhi Patel has got the Gold medal, Bhavini Gandhi has got Silver medal, In Junior Category, Rutvee Narigara has got Silver Medal and Shraddha Prajapati has got bronze medal, Pravin Prajapati has got bronze medal in senior category for boys. Even in District (Navsari) level Weigh Lifting competition the institute has achieved many silver and bronze medal in various categories. In Inter College Judo Competition of VNSGU, Sarfaraz Menon has achieved the bronze medal in August 09. Hemraj Rawalji was qualified as stand by player in the university Chess team in August 09. Besides, the which 80 students participated enthusiastically and interclass carom board tournaments etc.

## જોબ ફેર - ૨૦૦૯




જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ,. અમરોલીમાં "સ્વર્ણીમ ગુજરાત" અન્વયે ગુજરાત હાયર એજયુકેશનની કચેરી દ્વારા સંચાલિત UDISHA University of Integrated Employability Skills Through Higher Education Agencies પ્રોજેકટ હેઠળ ગુજરાત પ્લેસમેન્ટ સેલના સહયોગથી આર્ટ્સ, કોમર્સ, સાયન્સ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓને નોકરી મળે એ ઉમદા હેતુથી ડીસ્ટ્રીકટ કો-ઓર્ડીનેટર પ્રિ. ડૉ. કે. એન. ચાવડાના નેતૃત્વ હેઠળ સુરત શહેર અને જિલ્લાની ૪૮ કોલેજોનો જોબ ફેર-૨૦૦૯ રાખવામાં આવ્યો હતો. આ જોબ ફેરમાં એંજલ શેર બ્રોકિંગ, રિલાયન્સ લાઈફ ઈસ્યોરન્સ લીમીટેડ, સિનર્જી ઈન્ફો. આઉટ સોર્સીંગ પ્રા. લિ., પિજન ઈમ્પેક્ષ એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ અને અન્ય સંસ્થા દ્વારા જેમને માર્કેટીંગ ક્ષેત્રે જોબની રૂા. ૫૦૦૦ થી ૧૦૦૦૦ માસિક આવક ધરાવતી જોબ (૩૧૨ કે તેથી વધુ જગ્યા) માટે ઈન્ટરવ્યુમાં ૨૭૮ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. જેમાથી ૧૦૮ વિદ્યાર્થીઓને હંગામી ધોરણે જોબ ઓર્ડર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સધર્ન ચેમ્બર ઓફ કોમર્સ, સુરતના પ્રમુખશ્રી નિલેષભાઈ માંડલેવાલા અને સાયણ સુગરના વાઈસ ચેરમેનશ્રી જયંતિભાઈ એન. પટેલ, લાયન્સ કલબ, સુરતના ડીસ્ટ્રીકટ ૩૨૩Fના ગવર્નર શ્રી હેમંતભાઈ પટેલ તેમજ જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી કાંતિલાલ શાહ તેમજ સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલ ડીસ્ટ્રીકટ કો-ઓર્ડિનેટર પ્રિ. ડૉ. અશોક દેસાઈ, વાડિયા વુમન્સ કોલેજ, સુરત અને ટ્રસ્ટનાં પદાધિકારીઓ હાજર રહયા હતા. આ ઉપરાંત હાયર એજયુકેશન એજન્સી દ્વારા પ્રા. ડૉ. યોગેશભાઈ યાદવ, પ્રિ. ડૉ. ગીતાબેન પંડયા, અમદાવાદથી સંપૂર્ણ કાર્યક્રમનાં સંકલન માટે હાજર રહયા હતા. પ્લેસમેન્ટ અંગે પ્રા. સેજલબેન દેસાઈએ માહિતી આપી હતી ઉદઘોષક તરીકે પ્રા. ડૉ. બી.એન. ધીમર, પ્રા. બીનીતાબેન ઘીવાલાએ સેવા આપી હતી. આભાર વિધિ પ્રા. કે.જી. પટેલે કરી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**એકબીજાને ગમતાં રહીએ.** કાજલ ઓઝા-વૈદ્ય. અમદાવાદ : આર. આર. શેઠની કંપની, માર્ચ, ૨૦૦૯. પૃ. ૧૫૨, રૂા. ૧૦૦.

આ પુસ્તકમાં વિવિધ વિષયના કુલ ૨૧ લેખો સમાવિષ્ટ છે. આ લેખો લેખિકાના અનુભવોમાંથી જન્મેલી એક એવી સમજદારી છે જેને લેખિકાના શબ્દોમાં કહીએ તો 'અર્થહીન' કહી શકીએ. લેખકે સુખની શોધમાં નકશો બની શકે તેવા ઉદ્દેશથી લખવામાં આવ્યા છે. આ પુસ્તકમાંથી વાચક સુખી થવાની નાની નાની ફોર્મ્યુલા મેળવે છે.

સંબંધો વિષે લેખિકા કહે છે કે : માણસો પોતાની વાત સાચી સાબિત કરવા માટે, "મને કોઈની જરૂર નથી - મેં કોઈની પરવા કરી નથી - હું એક પળમાં સંબંધ તોડી શકું છું - જેને ગરજ હોય એ સંબંધ રાખે" જેવા કેટલાંય વાક્યો આમ-તેમ ઊછળતાં રહે છે પણ આવા માણસોની ભીતર ઝાંખીને જુઓ તો સમજાય કે એ કેટલા ખાલી અને એકલા છે ! ...જાતે પસંદ કરેલા એકાંત અને ધીમે ધીમે તમારી આસપાસના માણસો ખોવાતા જાય અને ઊભી થતી જતી એકલતા વચ્ચેનો ફરક એ આપણને કહે કે નહીં એમનું મન જરૂર સમજે છે. (પૃ.૭૧).

લેખિકા કહે છે કે - દાદાગીરી કરતો, આગ્રહો રાખતો એક પતિ ગઈ કાલ સુધી ગુસ્સાનું કારણ હતો, એનાથી મુક્ત થવું એ જિંદગીનું એક માત્ર ધ્યેય હતું. હવે એ નથી તો જિંદગી જ ધ્યેયહીન થઈ ગઈ છે! સલાહ આપતા પિતા, ઝીણી આંખે ચહેરા પર સૂકા હાથ ફેરવતી-ખાવાપીવાનું ધ્યાન રાખવાનું કહેતી મા.... હતાં ત્યાં સુધી એમની સાથે મતભેદ કરવાનો-એમને ખોટા પાડવાનો એક પણ અવસર માણસ છોડતો નથી. એ જયારે નથી હોતા ત્યારે એક ઓખેઆખું 'ઘર' નહીં રહેવાનો અફસોસ બાકીની જિંદગી માણસની સાથે જીવતો રહે છે! જેની સાથે બોલવાનું છોડી દીધું હતું એવી બહેન-મતભેદ હતો એવો મિત્ર અને દીઠો નહોતો ગમતો એવો પડોશી અચાનક જ ખૂટવા લાગે છે. આપણા સ્વજનને એના જીવતા જ જો સ્વીકારી શકીએ, માફ કરી શકીએ તો એના મૃત્યુ પછીનો ખાલીપો આપણે આપણા મૃત્યુ સુધી નહીં સહેવો પડે. (પૃ.૧૫૨)

સાદી અને સરળ ભાષામાં લેખિકાએ એકબીજાને ગમતાં રહીએ પુસ્તક આપણને આપ્યું છે. એક જ બેઠકે પૂર્ણ કરી શકાય તેવું આ પુસ્તકનું વાચન સૌ કોઈએ કરવું રહયું.

બી.જે. અંકુયા
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## પ્રતિભાવ

પ્રતિ
તંત્રીશ્રી, દક્ષિણાયન
સ્નેહીશ્રી

'દક્ષિણાયન' (ગ્રંથ-૧, અંક-૧૮)ના કુલપતિશ્રીના અગ્રલેખમાં વ્યક્ત થયેલા, આંતર-ધર્મ સમજના મહત્વ અંગેના વિચારો, ઘણા પ્રસ્તુત છે; અને શૈક્ષણિક-સાંસ્કૃતિક દ્રષ્ટિએ ખૂબ જ મૂલ્યવાન છે. એમને સદર અગ્રલેખમાંની એમની દીર્ઘદ્રષ્ટિ બદલ અભિનંદન છે.

કાલિદાસે "उत्सव प्रिया: जना:" કહીને, આવતા યુગોના સમાજને સાત્વિક આનંદ માટે ઉત્સવોને માધ્યમ બનાવવા શું શું કરી શકાય, તેનો ફક્ત પ્રચ્છન્ન ઈશારો જ કરેલો. સમય જતાં એમાં વિકૃતિઓ પ્રવેશી; પરિણામે ઉત્સવો, ધર્મો, માન્યતાઓ વગેરે દૂષિત થતાં ગયાં, અને તેમ કરીને સમાજમાં અનેક કટુતાઓ પ્રવેશી એવી એક ઘાતક કટૂતા તે ધર્મ-ધર્મની વચ્ચે ઊભી કરાએલી ગેરસમજ, ધિક્કારની લાગણી અને લાગ આવ્યે હિંસાનો ઉપયોગ કરવાની વૃત્તિ.

બરાબર આવાજ ટાંકણે, કુલપતિશ્રીએ, એમના અનેક પ્રમાણો સહિતના અગ્રલેખ દ્વારા, જે ભાવના વ્યક્ત કરી છે, એ ખૂબ ઉમદા છે, માનવ્ય ભરેલી છે, અને સુસંવાદી, સ્વસ્થ, શાંતિપ્રિય અને સમાધાની સમાજ રચવા માટે ખૂબ સંભાવના (POTENTIAL) ધરાવે છે. આપણી શિક્ષણ સંસ્થાઓએ સદર લેખમાંની ભાવનાને ચરિતાર્થ કરવા વર્ષભર શું શું કરી શકે તે વિચારવા કોઈક સ્થળે વર્કશૉપ યોજવો જોઈએ.

ફરી અભિનંદન સાથે.

ડૉ. દાઉદભાઈ ઘાંચી - પૂર્વ ઉપકુલપતિ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, બજાર, કલોલ.

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલવા વિનંતી. બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭. આપશ્રી સમાચાર **dakshinayan.vnsgu@gmail.com** પર મોકલી શકો છો.

> હે મનુષ્યો, સતત જાગતા રહો ! જાગતો રહે છે તેનું જ્ઞાન વધે છે. સૂઈ રહેનારો ભાગ્યહીન છે, જાગનારો ભાગ્યશાળી છે.
>
> સમણસુત્તં. પૃ. ૫૩


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com